સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૬–૬–૨૦૧૭ ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૯–૬–૧૭ના પત્ર નં.સી.સ્થા.સ./૨૦૬ થી વિદિત થઈ, ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એકટ–૨૦૧૩ તા.૧૯–૯–૧૩ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એકટ–૨૦૧૩ તા.૧૨–૧૨–૧૩ તથા નામ.સુપ્રીમ કોર્ટમાં થયેલ રીટપીટીશન (સીવીલ) નં.૫૮૩/૨૦૦૩ અન્વયે તા.૨૭–૩–૧૪નું જજમેન્ટ તેમજ તે પરત્વે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૬–૧૨–૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : ઈએસટી/૧૩૨૦૦૧/૩૫૮૪/આર થી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ તથા સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના તા.૨૦–૧૧–૧૬ના પરિપત્ર ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૧૬/૭૫૮૦૫૩/ગ ની જોગવાઈઓનો તથા તે અનુસંધાને નીચે જણાવેલ નીતિવિષયક નિર્ણય લેવા અને તે મુજબનો અમલ સુરત મહાનગરપાલિકામાં કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

૧. સુરત મહાનગરપાલિકાની હદમાં આવેલ ભૂગર્ભ ગટરોની સફાઈની કામગીરી માટે માણસ(સફાઈ કામદાર) ને ભૂગર્ભ ગટરમાં કોઈપણ સંજોગોમાં ઉતારવા નહી.

૨. ભૂગર્ભ ગટરમાં ઉતરવા/ઉતારવાની સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવે છે તેમજ ભૂગર્ભ ગટરમાં ઉતરવું કે કોઈને ઉતરવા માટે ફરજ પાડવાનું ગેરકાયદેસર કૃત્ય ગણાશે તેમજ જવાબદાર તમામ સામે ફોજદારી ગુનો દાખલ કરવાનો રહેશે.

૩. ભૂગર્ભ ગટરની તેમજ ખાળકુવાની સફાઈ કામગીરી માટે યાંત્રિક સાધનોનો ફરજીયાતપણે ઉપયોગ કરવો.

૪. ભૂગર્ભ ગટરની સફાઈ કામનો કોન્ટ્રાકટ સુરત મહાનગરપાલિકા દ્વારા કોઈ એજન્સી કે કોન્ટ્રાકટરને આપવામાં આવેલ હોય તો/આવનાર હોય તો સંબંધિત એજન્સી કે કોન્ટ્રાકટર દ્વારા સફાઈ કર્મચારી દીઠ રૂા.૧૦ લાખનો વીમો ફરજીયાત લેવા માટેની જોગવાઈ આવા કોન્ટ્રાકટમાં અચૂક કરાવવી. આ બાબત ટેન્ડરની શરતમાં આમેજ કરવાની રહેશે.

૫. સુરત મહાનગરપાલિકા દ્વારા જો ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી કરવામાં આવતી હોય તો ગટરોની સફાઈની કામગીરી સાથે સંકળાયેલા સફાઈ કામદારોનો રૂા.૧૦ લાખનો વીમો સુરત મહાનગરપાલિકા દ્વારા ફરજીયાત લેવાનો રહેશે.આ માટે ડ્રેનેજ વિભાગ /આરોગ્ય મહેકમ વિભાગ દ્વારા સફાઈ કામદારોની સંખ્યા નકકી કરી મ્યુનિ.કમિશનરશ્રીની મંજુરી મેળવવાની રહેશે.

૬. સુરત મહાનગરપાલિકા દ્વારા ભૂગર્ભ ગટરોની સફાઈની કામગીરી માટે કોઈ એજન્સી કે કોન્ટ્રાકટરને કોન્ટ્રાકટ આપેલ હોય અને આવી એજન્સી કે કોન્ટ્રાકટર દ્વારા કોઈપણ માણસ (સફાઈ કામદાર) ને ભૂગર્ભ ગટરમાં ઉતારવામાં આવશે અને આવી કામગીરી દરમ્યાન કોઈપણ માણસ (સફાઈ કામદાર) નું મૃત્યુ થશે અને મૃત્યુ પામેલ માણસ (સફાઈ કામદાર) નો રૂા.૧૦ લાખનો વીમો જો  ન ઉતારવામાં આવેલ હશે તો જે તે એજન્સી કે કોન્ટ્રાકટરે મૃત્યુ પામેલ માણસ  (સફાઈ કામદાર) ના કુટુંબ/વારસદારને રૂા.૧૦ લાખનું વળતર ચુકવવાનું રહેશે.

૭. તેવી જ રીતે સુરત મહાનગરપાલિકા  દ્વારા ભૂગર્ભ ગટરોની સફાઈની કામગીરી કરવામાં આવતી હોય અને કોઈપણ માણસ (સફાઈ કામદાર) ને ભૂગર્ભ ગટરમાં ઉતારવામાં આવશે અને આવી કામગીરી દરમ્યાન કોઈપણ માણસ (સફાઈ કામદાર) નું મૃત્યુ થાય કે કોઈપણ પ્રકારની શારીરિક ક્ષતિ થાય તો તે માટે ઉપસ્થિત થતી તમામ જવાબદારી જે તે અધિકારી/કર્મચારીની રહેશે.

૮. સુરત મહાનગરપાલિકામાં ૧૯૯૩ થી આજદિન સુધીમાં ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી દરમ્યાન ગુંગળામણથી મૃત્યુ પામેલ (૧) શ્રી ઠાકોર ડાહયા (કર્મ.નં.૯૨૧૩) (૨) શ્રી રમણ સના (કર્મ. નં.૯૪૦) (૩) શ્રી દિનેશ  ગોવિંદ જોગડિયા (કર્મ. નં.૧૮૮૮૪) (૪) શ્રી ચીમન રામજી ભંગી (કર્મ.૧૮૮૫૭) મળી કુલ–૪ સફાઈ કામદારોના તથા ૧૯૯૩ થી આ ઠરાવની તારીખ સુધીમાં આ સિવાય બીજા કોઈ સફાઈ કામદારો ભૂગર્ભ ગટરની સફાઈ કામગીરી દરમ્યાન મૃત્યુ પામેલ હોય તો તેવા કામદારોના કુટુંબની ઓળખ

કરી તેમના કુટુંબીજનો /વારસદારોને દરેક સફાઈ કામદાર દીઠ રૂા.૧૦ લાખ (દશ લાખ) ડ્રેનેજ/સંબંધિત વિભાગ દ્વારા ચુકવવા કાર્યવાહી કરવાની રહેશે.

૯. સુરત મહાનગરપાલિકા દ્વારા ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી કરવામાં આવતી હોય અને કોઈપણ માણસ (સફાઈ કામદાર) ને ભૂગર્ભ ગટરમાં ઉતારવામાં આવશે અને આવી કામગીરી દરમ્યાન કોઈપણ માણસ (સફાઈ કામદાર) નું મૃત્યુ થશે અને મૃત્યુ પામેલ માણસ (સફાઈ કામદાર) નો રૂા.૧૦ લાખનો વીમો જો ન ઉતારવામાં આવેલ હશે તો સુરત મહાનગરપાલિકાએ મૃત્યુ પામેલ માણસ (સફાઈ કામદાર) ના કુટુંબ/વારસદારને રૂા.૧૦ લાખનું વળતર ચુકવવાનું રહેશે.

૧૦. આ બાબતે રાજય સરકારશ્રી દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતા ઠરાવો,પરિપત્રો કે માર્ગદર્શક સુચનાઓનો અમલ કરવાનો રહેશે.

ઠરાવ નં.૮૧૪/૨૦૧૭ સર્વાનુમતે મંજુર.

પ્રો.રા. જનરલ બોર્ડ,

ઈ.ચા. સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૬–૨૦૧૭.

UMP